R.N.I. No. : GUJGUJ/2000/447-
Ahmedabad Jurisdiction

અયૂબ ૪૦ : ૧૯

# નવક્રાન્તિ

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતુ સાપ્તાહિક

તંત્રી : રોબિન ધોળકીયા • સહતંત્રીઃ પ્રકાશ ધોળકીયા

(મો)૯૮૨૫૧૬૯૩૮૬

વેબ સાઈટ :http://jagadishchristian.com email:garvinavkranti @ yahoo.com

YEAR-28 • ISSUE: 08 DATE: 23-02-19• SATURDAY • PAGES : 4 • PRICE Rs. One • YERLY-SUB:Rs. 60/-

(સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો)
આપનું લવાજમ બાકી છે?હા ( )-ના ( )

If undelivered pl. return to;
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## લોકસભાની ચુંટણી પહેલા ગુજરાત સરકાર વતી નાણાંમંત્રી નીતિન પટેલે વિધાનસભામાં સંપુર્ણ બજેટના બદલે લેખાનુંદાન રજુ કર્યું

લોકસભાની ચુંટણી પહેલા ગુજરાત સરકારના નાણાંમંત્રી નીતિન પટેલે વિધાનસભામાં સંપુર્ણ બજેટને બદલે લેખાનુદાન રજુ કર્યુ હતું. ૨૦૧૯ની લોકસભાની ચુંટણીના કારણે કેન્દ્ર સરકારે પણ સંપુર્ણ બજેટને બદલે વચગાળાનું બજેટ રજુ ક્યુ હતું.જેના પગલે ગુજરાત સરકારે પણ વિધાનસભામાં એપ્રિલ,મે,જુન,જુલાઈના ચાર માસના વહીવટી ખર્ચ તથા ચાલુ યોજનાઓના ખર્ચને પહોચી વળવા માટે લેખાનુદાન રજુ કર્યુ હતું.ગુજરાત સરકારે વર્ષ ૨૦૧૯-૨૦ માટેના વાર્ષિક બજેટનું કુલ કદ ૧,૯૧,૮૧૭ કરોડનું દર્શાવ્યું હતું.તેમાંથી તેઓ ચાર માસ દરમિયાન લેખાનુદાન પેટે કુલ ૬૩,૯૩૯ કરોડનો ખર્ચ કરશે.સામાન્ય રીતે લેખાનુદાનમાં સરકાર દ્વારા કોઈ નવી જાહેરાતો કે રાહતો જાહેર કરાતી નથી. પરંતુ સરકારે ખેડુતોના હિતમાં, સામાજિક-આર્થિક સશક્તિકરણ ક્ષેત્રે, આંતરમાળખાકીય સવિધાઓ વધારવા સહિતની વિવિધ બાબતોને ધ્યાનમાં રાખીને સંખ્યાબંધ રાહતમાં વધારો કરતી જાહેરાત કરી છે.

## ઇન્ડેન્ટ એલપીજી ના ૬૭ લાખ ગ્રાહકોના આધાર ડેટા લીક થયો હોવાનો ફ્રેન્ચ હેકરનો દાવો

ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશનની માલિકીની એલપીજી બ્રાન્ડ ઈન્ડેન સાથે સંકળાયેલા ડીલર્સ અને ડિસ્ટ્રીબ્યુટર પાસે સંગ્રહ થયેલા લાખો આધાર નંબર અને તેમની સાથે સંકળાયેલી માહીતી લીક થઈ હોવાનો દાવો કરતાં એક ફ્રેન્ચ રિસર્ચરે જણાવ્યુ હતું કે મે સુરક્ષામાં રહેલી મોટી ખામી શોધી કાઢી છે.એલીયોટ ઓલ્ડરસનના ઓનલાઈન હેન્ડલ સાથે સંકળાયેલ અને ભુતકાળમાં પણ આધારની માહીતી લીક થવાનો દાવો કરનાર બાપ્ટિસ્ટ રોબર્ટે લખેલા એક બ્લોગમાં જણાવ્યુ હતું કે ઈન્ડેનના ૬૭ લાખ ડીલર્સ અને ડિસ્ટ્રીબ્યુટરના ફકત માન્ય યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા જ મળી શકે તેવા આધાર ડેટા ઉઘાડા પડી ગયા છે.ઓલ્ડરસને જણાવ્યુ હતું કે લોકલ ડીલર્સ પોર્ટલમાં ઓર્થેન્ટિકેશન ન હોવાથી ઈન્ડેન ગ્રાહકોના આધારનંબર,નામ અને સરનામાં લીક કરી રહી છે.

ઈન્ડેને ઓલ્ડરસનનું આઈપી બ્લોક કર્યુ તે પહેલાં ૧૧૦૦૦ ડીલર્સના કસ્ટમર ડેટાને શોધી કાઢ્યો હતો.માહીતી વેચવાનો પણ એક ધંધો દેશમાં ચાલી રહ્યો છે.કોણ અટકાવી શકશે આ બધી પ્રક્રિયાને,કારણકે ચોરીમાં બધા જ સાથે મળ્યા છે.

## મેકસિકો સરહદ વિવાદ : ટ્રમ્પ સામે ૧૬ રાજ્યોએ કેસ કર્યો

અમેરિકાના ૧૬ રાજ્યોએ રાષ્ટ્રપતિ ટ્રમ્પ સરકાર પર કેસ કર્યો છે.આ રાજ્યોનું કહેવું છે કે મેકસિકો સરહદે દિવાલ બનાવવા માટે ફંડ એકત્ર કરવા માટે ટ્રમ્પે ઈમરજન્સી લાગુ કરવાનો નિર્ણય બંધારણનું ઉલ્લંઘન છે. ટ્રમ્પે ૧૫ ફેબ્રુઆરીના રોજ અમેરિકામાં ઈમરજન્સી લાગુ કરવાની જાહેરાત કરી હતી.

કેલીફોર્નિયાની ફેડરલ કોટેમાં કેસ દાખલ કરવામાં આવ્યો છે. જેમાં કહેવામાં આવ્યું છે કે રાષ્ટ્રપતિનો કટોકટી લાદવાનો આદેશ પ્રેઝન્ટમેન્ટ ક્લોઝ અને એપ્રોપ્રીએશન્સ ક્લોઝનો વિરોધ કરે છે. પ્રેઝન્ટમેન્ટ કલોઝમાં વિધાનસભા પ્રક્રિયાની વાત કરવામાં આવી છે. તેમજ એપ્રોપ્રિએશન ક્લોઝમાં સાર્વજનિક ફંડની ફાળવણી માટે કોંગ્રેસ(અમેરીકી સંસદ)ને અંતિમ સંસ્થા ગણવામાં આવી છે.કેલીફોર્નિયામાં એટોર્ની જનરલ ઝેવિયર બેસેરાએ જણાવ્યુ હતું કે તેઓ તેમજ અન્ય રાજ્યો ટ્રમ્પના આદેશ પર કાયદાકીય કાર્યવાહી એટલા માટે કરી રહ્યા છે કે તેમણે મીલીટરી યોજનાઓ, કટોકટી ભંડોળ અને અન્ય જરુરી કાર્યો માટે અનામત રખાયેલા ફંડનો ખર્ચ થવાની ચિંતા છે. જે રાજ્યોએ ટ્રમ્પ વિરુધ્ધ કેસ દાખલ કર્યો છે તેમાં કેલિફોર્નિયા,કોલોરાડો, કન્કટીક્ટ, ડેલાવેયર,હવાઈ, ઈલીનોય,મેન,મેંરીલેન્ડ, મિશિગન,મિનિસોટા, નેવાડા,ન્યુજર્સી,ન્યુ મેકસિકો,ન્યુયોર્ક,, ઓરેગન અને વર્જીનીયાનો સમાવેશ થાય છે.રાજ્યોએ પોતાની ફરિયાદમાં જણાવ્યુ છે કે સરહદે દીવાલ બનાવવા માટે વધુ ફંડની જરુર અમેરિકી બંધારણનું ઉલ્લંઘન છે. ટ્રમ્પ દ્વારા દેશમાં કટોકટી લાદવાનો નિર્ણય દેશને બંધારણીય કટોકટી લાદવાનો નિર્ણય દેશને બંધારણીય સંકટ તરફ ધકેલશે તેમ રાજ્યોએ જણાવ્યુ હતું.

ખુદ ટ્રમ્પની રિપબ્લીકન પાર્ટીમાં પણ વિરોધના સુર સંભળાવા લાગ્યા છે. તેમની પાર્ટીના અનેક સેનેટરોએ ટ્રમ્પના નિર્ણય વિરુધ્ધ મોરચો માંડ્યો છે.ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પ છેલ્લા કેટલાક મહિનાઓથી મેકસિકો સરહદે એક દિવાલ બનાવવાની માંગ કરી રહ્યા છે. જેથી અમેરિકામાં ગેરકાયદે ઘુસણખોરી રોકી શકાય.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**નવક્રાન્તિ સાપ્તાહિક**
૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## આતંકવાદ સામે લડવા માટે તમામ વિપક્ષો સરકારની પડખે

પુલવામાંમા થયેલા આતંકી હુમલામાં સીઆરપીએફના ૪૦ જેટલા જવાનો શહીદ થયા,તે પછી આત્મઘાતી હુમલા પછી આતંકવાદ અને આતંકીઓ સાથે કેવી રીતે લડવું તેની રણનીતી ઘડવા માટે સંસદભવનમાં સર્વ પક્ષીય બેઠક મળીહતી. આ બેઠકમાં આક્રોશભર્યા સુર સાથે તમામ વિરોધપક્ષોએ આ સંકટમાં સરકારની પડખે હોવાનો જુસ્સો વ્યકત કર્યો હતો.

હુમલાની તમામ પક્ષોના નેતાઓએ ભારે દુઃખદર્દ સાથે નિંદા કરી હતી. અને આતંકવાદ સામે લડવા ૩ મુદ્દાનો ઠરાવ પસાર કરાયો હતો.બેઠકમાં ગૃહમંત્રી રાજનાથસિંહે હુમલા અંગેની વિગતો રજુ કરી હતી.કોગ્રેસના નેતા ગુલામનબી આઝાદે કહ્યુ હતું કે આતંક સામે લડવા માટે સેના અને સરકારની સાથે તેઓ અને તેમનો પક્ષ મજબુતીથી ઉભો છે.

## ભારતને તેની આત્મરક્ષા કરવાનો અધિકાર છે અને તેઓ કોઇપણ પગલાં ભરે તો અમે તેની સાથે છીએ : અમેરિકા

જમ્મુ-કાશ્મીરના પુલવામાં થયેલ આતંકી હુમલા પછી ભારત આ માટે જવાબદાર જૈસ-એ-મહોમ્મદને તેના કાયરતાભર્યા કૃત્યનો જવાબ આપવા તૈયારી કરી રહ્યો છે ત્યારે અમેરિકા સહિત વિશ્વના તમામ દેશો ત્રાસવાદ સામે લડવા ભારતની સાથે અડીખમ ઊભા છે. અમેરિકાના રાષ્ટ્રીય સલાહકાર જોન બોલ્ટને સાફ કહ્યુ હતું કે ભારતને તેની આત્મરક્ષા કરવાનો અધિકાર છે અને આ મામલે ભારત કોઈપણ પગલાં ભરે તો અને તેની સાથે છીએ. આમ અમેરિકાએ આતંકવાદ વિરુધ્ધ બારતના કોઈપણ આક્રમક પગલાંને ટેકો આપ્યો છે. હુમલાના ગુનેગારોને સજા કરાવવા ભારતને તમામ પ્રકારની મદદ કરવાની તેમણે ખાતરી આપી હતી. ડોભાલ અને બોલ્ટને પ્રતિબધ્ધતા દર્શાવી હતી કે તેઓ સાથે મળીને પાકની જમીન પર ધમધમતા આતંકીઓના અડ્ડાઓનો નાશ કરશે. ભારત અને અમેરિકાએ સાથે સંયુક્ત રાષ્ટ્રમાં મસુદ અઝહરને વૈશ્વિક આતંકી જાહેર કરવાના પ્રયાસો ઝડપી બનાવવાની વાત કરી હતી.

## ભારત હુમલો કરશે તો વળતો પ્રહાર કરવાની પાક.વડાપ્રધાનની ધમકી

પાકિસ્તાની વડાપ્રધાન ઈમરાનખાને ભારતને ભરોસો અપાવ્યો હતો કે ભારતના પુલવામાંમાં થયેલા આતંકી હુમલામાં કાર્યવાહીને લાયક ગુપ્ત માહિતી આપે તો કાવતરાખોરો સામે કાર્યવાહી કરવામાં આવશે.જો કે તેની સાથે જ તેમણે ધમકીના સુરમાં એમ પણ કહ્યુ હતું કે તેમના દેશની સામે કોઈપણ કાર્યવાહી કરાશે તો તેનો યોગ્ય જવાબ પણ અપાશે.આ સાથે જ તેમણે કહ્યુ હતું કે હું સ્પષ્ટ કહું છું કે આ નવું પાકિસ્તાન છે અને એક નવી માનસિકતા સાથેનું છે.સાથે સાથે ઈમરાનખાને કહ્યુ હતું કે પાકિસ્તાન એશિયા ખંડમાં સ્થિરતા ઈચ્છે છે અને પાકિસ્તાનને દોષિત ઠેરવીને લોકોના મત હાંસલ કરવું સહેલું બની જશે.કાશ્મીરમાં જ્યારે કોઈપણ ઘટના બને છે તો પાકિસ્તાનને જવાબદાર ઠેરવી દેવાય છે. અને પાકિસ્તાનને વારંવાર બલીનો બકરો બને છે. તેમ જણાવીને તે તેમણે એવી આશા વ્યક્ત કરી હતી કે બહેતર સમજ વિકસિત થશે અને ભારત વાર્તા માટે તૈયાર થશે. અફઘાનિસ્તાનની જેમ કાશ્મીર મુદ્દો પણ વાર્તા થકી ઉકેલવામાં આવશે.આ હુમલામાં પાકિસ્તાનની સંડોવણીના કોઈ આધાર હોય તો જણાવો જેથી કાર્યવાહી કરી શકાય.હું તમને ભરોસો આપું છું કે અમે કાર્યવાહી કરીશું. તેમણે કહ્યુ કે જંગ શરુ કરવાનું અમારા હાથમાં નથી. આ સહેલું છે પરંતુ તેનો અંત લાવવો સહેલો નથી.

**નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપર તથા ફેસબુક http://facebook.com/robin.dholakiaઉપર નવક્રાન્તિ સાપ્તાહિક જોઈ શકાશે.

# નવક્રાંતિ

પલવામામાં થયેલા આતંકી હુમલાથી સમગ્ર દેશવાસીઓ સ્તબ્ધ છે.સમગ્ર દેશમાં આક્રોશ છવાયેલો છે.બદલાની ભાવનાની આગ ચારેકોર લાગી ચુકી છે તેવા સત્તા સ્થાને બેઠેલા લોકોએ અગ્નિ ઠારવાની કોશીશ કરવાને બદલે વધુ બહેકે તેવા નિવેદનો કરવામાં આવી રહ્યા છે.જો કે આ તબક્કે એવા નક્કર પગલાં લેવા જોઈએ કે જેથી ભવિષ્યમાં આતંકવાદની પ્રવૃત્તિને રોકી શકાય.માંગ ઉઠી છે કોઈ રીતે પાકિસ્તાન સામે યુધ્ધ કરો પરંતુ યુધ્ધ એ કોઈ વિકલ્પ નથી તેનાથી આતંકવાદ ઠારી શકાશે નહીં.વધુમાં તો છાસ વારે આપણા લશ્કરી મથકો કે જવાનો પર થતાં હુમલામાં આપણી ભુલ અને કચાશ ક્યાં છે તેને શોધી કાઢવાની જરુર છે.જો આપણા જવાનો તેમની સલામતી બાબતે ચોક્કસ તકેદારીના રાખી શકે તો જવાનોની કિમંતી જીંદગી રોળાઈ જાય.

કાશ્મીરમાં ગામે ગામ લશ્કર સહિતની કેન્દ્રીય એજન્સીઓ મોજુદ છે. તેમ છતાં આટલી મોટી માત્રામાં આરડીએક્સ આવીને સ્ટોર થઈ ગયો અને માહીતી ના મળી શકી તે ઈન્ટેલીજન્સની નિષ્ફળતા છે.કારમાં પ્લાન્ટ થયો અને જવાનોના કાફલાની બસ સાથે કાર ટકરાવામાં આવી અને કાવતરુ પાર પડાયું તો આતંકવાદીઓનું નેટવર્ક તમારી તમામ એજન્સીઓના કરતાં બે ડગલાં આગળ છે.ઈન્ટેલીજન્સને માહીતી મળી નહી કાંતો તેને સમજવામાં તેઓ થાપ ખાઈ ગયા.છિડા જ્યાં છે તેને શોધો,પુરો અને આતંકવાદની કમર તોડી નાંખો.જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગ છે અને તેમાં વસતા તેના નાગરિકો અને કાનુન વ્યવસ્થા સુદ્ઢ રહે તે માટે સરકાર કટિબધ્ધ રહેવું જોઈએ.

નેશનલ ઈન્વેસ્ટીગેશન ટીમે ખુલાસો કર્યો કે પુલવામામાં થયેલ ત્રાસવાદી હુમલામાં આરડીએક્સ વપરાયું નહોતું. પરંતુ નકસલવાદીઓ દ્વારા વપરાતા યુરીયા-એમોનિયમ-નાઈટ્રેટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.ટુંકમાં કાશ્મીરના ત્રાસવાદીઓએ પોતાની મોડ્સ ઓપરેન્ડીમાં બદલાવ લાવ્યા છે.ઈસ્લામિક સ્ટેટ,તાલિબાન,અલ-સબાબ, અને બોકો હરામ જેવા અતરનાક સંગઠનો દ્વારા ઉપયોગમાં લેવાતી મોડ્સ ઓપરેન્ડીને તેઓ અનુસર્યા છે.

અફઘાનિસ્તાનમાંથી અમેરિકી લશ્કરનું વતન પાછા ફરવું તમામ આતંકી સંગઠનો માટે વિજય સમાન છે. તાલિબાનો એમ માને છે કે અમે રશિયાને ભગાડી મુક્યું અને હવે અમેરિકાના લશ્કરને ઉચાળા ભરાવ્યા તેથી આ વિસ્તારોમાં જેમનું વર્ચસ્વ છે તેવા તાલીબાન,આઈએસઆઈ જેવા અન્ય આતંકી સંગઠનોને પીઓકેની સરહદ પર પાકિસ્તાની આતંકી સંગઠનોને મદદ મળી રહી છે.પરિણામે આ બધાને પાકિસ્તાનની કેટલીક ખુફિયા એજન્સી જેમને ભારતની સામાજિક, આર્થિક વ્યવસ્થા તોડી ફોડી નાંખવાની મુરાદ છે તેઓની મુરાદ બર આવે છે.કાશ્મીરમાં સ્વતંત્રતાના નામે યુવાનોને ભડકાવીને તેમને આતંકી બનાવી દેવામાં આવે છે. આ બધાની પાછળ આપણી રાજકીય નેતાગીરીનો પણ કેટલોક દોષ છે કે જેઓ પરિસ્થિતિને થાળે પાડવા માટે અસમર્થ રહ્યા છે.કાશ્મીરના યુવકોના માનસમાં ઝેર ભરવા માટે સ્થાનિક કેટલીક નેતાગીરી પણ કાર્યરત છે.કાશ્મીરના લોકોમાં જ્યાં સુધી ભારત વિરોધી લાગણી રહેશે ત્યાં સુધી પરિસ્થિતિને સરળ બનાવવી અઘરી છે.યુધ્ધ સમસ્યાનું નિરાકરણ નથી.

## જાણવા જેવું

સૌથી પહેલો ઝુલતો પુર ૧૮૨૬માં મનાઈની સામુદ્રધુની પર બાંધવામાં આવ્યો હતો.

સિધ્ધપુરનો રુદ્રમાળ અગીયાર મજલાનો હતો અને તેના અગીયારમાં માળ પરથી અઢાર માઈલ દુરનું સહસ્ત્રલીંગ તળાવ જોઈ શકાતું હતું.

ચારસો વર્ષ પહેલાં શોધાયેલું થર્મોમીટર તાવ સિવાયના પણ અનેક તાપમાનો માપવામાં વપરાય છે.

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# પ્રિયંકા ગાંધીનો લખનઉમાં ૧૪.કી.મી. અને પાંચ કલાકનો મેગા રોડ શો : જંગી માનવ મેદની ઉમટી પડી




કોગ્રેસના મહાસચિવ અને પુર્વ ઉત્તર પ્રદેશના પ્રભારી બન્યા પછી પ્રિયંકા ગાંધીએ પહેલી વાર લખનઉમાં મેગા રોડ શો યોજીને શક્તિપ્રદર્શન કર્યુ હતું. તેઓ કોગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધી અને કોગ્રેસના નેતા જ્યોતિરાદિત્ય સિંધિયા સાથે બસની છત પર સવાર થયા હતા.અને એરપોર્ટથી કોગ્રેસ કાર્યાલય સુધી ૧૪ કી.મી.નો લાંબો રોડ શો યોજીને લોકસભાની ચુંટણીનું બ્યુગલ ફુંક્યુ હતું. આ રોડ શો પાંચ કલાક ચાલ્યો હતો. રસ્તામાં ૫૦ સ્થળે શામિયાણા બાંધવામાં આવ્યા હતા.જ્યાં રાહુલ અને પ્રિયંકા અને સિંધિયાનું ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું.બસની છત પરથી પ્રિયંકા અને રાહુલે લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. રસ્તાઓ પર ઠેરઠેર પોસ્ટરો અને હોડીગ્સ જોવા મળ્યા હતા.રસ્તામાં આવતી ગાંધી,આંબેડકર,સરદાર પટેલની પ્રતિમાઓને રાહુલ અને પ્રિયંકાએ ફુલહાર કર્યા હતા.૨૦૧૯માં આવનારી લોકસભાની ચુંટણીમાં કોગ્રેસ પક્ષે યુપીમાંથી પ્રિયંકા ગાંધીને ઉતાર્યા બાદ હવે યોગી સરકાર સામે વિપક્ષોનો મોરચો મજબુત થઈ ગયો છે. એકબાજુ સપા અને બસપા અને બીજી બાજુ કોગ્રેસના નવા યંગ નેતાઓનો કાફલો શુ પરિણામ લાવે છે તે જોવાનું રહેશે. ઉત્તર પ્રદેશની લોકસભાની સીટો જ વડાપ્રધાનની સીટ નક્કી કરે છે એવું વર્ષોથી ગણિત ચાલે છે. હવે જોવાનું રહેશે કે ભાજપની કેટલી સીટો યુપીમાંથી આવશે અને તેના કેવા પ્રત્યાઘાતો દેશના રાજકારણ પર પડશે.

રોડ શોમાં રાહુલે વચ્ચે કહ્યુહતું કે અમે યુપીમાં ફ્રન્ટફુટ પર રમીશું. બેકફુટ પર રમનારા નથી.પ્રિયંકાનું લક્ષ્ય ૨૦૧૯ની લોકસભાની ચુંટણી ઉપરાંત ૨૦૨૨માં યુપીની વિધાનસભાની ચુંટણીમાં કોગ્રેસની સરકાર રચાય તે માટે પ્રયત્નો કરશે તેવું લાગી રહ્યું છે.કોગ્રેસનું શક્તિપ્રદર્શન જોઈને સમાજવાદી પાર્ટીના અખિલેશ યાદવે કહ્યુ હતું કે યુપીમાં ફક્ત બસપા જ નહીં કોગ્રેસ પણ અમારી સાથે છે.આરએલડી પણ ગઠબંધનમાં સામેલ છે.



# દિલ્હીની આમ આદમી પાર્ટીની રેલીમાં વિપક્ષોના નેતાઓનો મેળાવડો

વિપક્ષી નેતાઓના મેળાવડામાં હાજર રહેલા પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કહ્યુ હતું કે વડાપ્રધાન મોદી અને ભાજપ અધ્યક્ષ અમિત શાહ જેમણે લોકોનું લોહી પીધું છે એ લોકો દેશ પર રાજ કરી રહ્યા છે.મમતાએ કહ્યુ હતું કે રાજ્યમાં અમારી અને લેફટ વચ્ચે લડાઈ રહેશે.પરંતુ રાષ્ટ્રીય સ્તરે અમે એક સાથે છીએ.અમે અમારા તમામ હિતો ભુલવા તૈયાર છીએ. ફરી વાર મોદી આવવા જોઈએ નહીં.આ માટે તમામ કુરબાની આપવા તૈયારી છે.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રીએ કોગ્રેસને સંદેશો આપતાં કહ્યુ કે જ્યાં કોગ્રેસ મજબુત છે ત્યાં તે લડાઈ લડે. અમે બંગાળમાં મજબુત છીએ તો ત્યાં અમે ભાજપનો મુકાબલો કરીશું. આંધ્ર પ્રદેશમાં ચંદ્રાબાબુ નાયડુ મજબુત છે ત્યાં તે ભાજપનો સામનો કરશે.આ રીતે દિલ્હીમાં કેજરીવાલ છે તેમને લડવા દઈએ.યુપીમાં સમાજવાદી પાર્ટી મજબુત છે ત્યાં તેમને ભાજપનો સામનો કરવા દઈએ.

કોગ્રેસને અમે કહીએ છીએ કે જ્યાં અમે મજબુત છીએ ત્યાં ભાજપને ફાયદો પહોચાડવા માટે વોટ કાપશો નહીં.ત્યાં અમને લડવા દો.દેશમાં ડેમોક્રેસી હવે મોદી ક્રેસી બની ગઈ છે.કટોકટી કરતાં પણ સ્થિતિ નાજુક છે.

# દિલ્હીમાં મોદી વિરોધી મોરચો જંતરમંતર ખાતે : ભાજપનું શાસન દેશની લોકશાહી માટે ખતરા રુપ



આમ આદમી પાર્ટી દ્વારા દિલ્હીમાં જંતરમંતર ખાતે આયોજિત 'મોદી હટાવો,દેશ બચાવો' રેલીમાં સંખ્યાબંધ વિરોધપક્ષો હાજર રહ્યા હતા.પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રેલીને સંબોધતાં તમામ વિપક્ષોને એકસંપ થઈને ચુંટણી લડવા માટે અનુરોધ કર્યો હતો.તેમણે કહ્યુ હતું કે આવનારા દિવસોમાં બધા જ વિરોધપક્ષો એકસંપ થઈને લડશે. કોલકોતામાં સીબીઆઈ મોકલ્યા બાદ કટાક્ષ કરતાં તેમણે કહ્યુ હતું કે સીબીઆઈને મારી પાસે મોકલો તેમને હું હાથેથી રસોઇ બનાવીને જમાડીશ. તેમણે કહ્યુ હતું કે ૫૬ની છાતી તો રાવણની પણ હતી. આવો યુનાઈટેડ ભારત બનાવીએ.ડેમોક્રેસી હવે નમોક્રસી બની ચુકી છે.દેશમાં કટોકટી કરતાં પણ ખરાબ સ્થિતિ છે.

મમતા બેનરજીએ કહ્યુ હતું કે તેમણે ગાંધીજીને પ્રાર્થના કરી છે કે ભાજપ અને મોદીબાબુને હટાવો અને દેશને બચાવો.તેમણે કહ્યુ હતું કે આજે દેશમાં કટોકટી કરતાં પણ ખરાબ સ્થિતિ પ્રવર્તી રહી છે.સત્તા સ્થાનેથી દુર કરવા વિરોધપક્ષ રાષ્ટ્રીય કક્ષાએ એકસંપ થઈને લડશે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ દ્વારા આયોજિત રેલીમાં મમતા બેનરજી ઉપરાંત આંધ્રના મુખ્યપ્રધાન ચંદ્રાબાબુ નાયડુ,જમ્મુ કાશ્મીરના પુર્વ મુખ્યપ્રધાન ફારુક અબ્દુલ્લા,એનસીપીના વડા શરદ પવાર,સીપીઆઈના નેતા સીતારામ યેચુરી, દ્રમુકના કનિમોઝી,સપાના રામગોપાલ યાદવ,શરદ યાદવ, અને ભાજપમાં બળવો પોકારી રહેલા શત્રુઘ્નસિંહા સહિતના નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.કોગ્રેસના આનંદ શર્માએ કોગ્રેસનું રેલીમાં પ્રતિનિધિત્વ કર્યુ હતું.આપ નેતા સંજયસિંહ,મનીષ સિસોદીયા અને ગોપાલ રાય રેલીમાં ઉપસ્થિત હતા.સીપીઆઈના નેતા ડી.રાજાએ કહ્યુ હતું કે ભાજપ શાસન દેશની લોકશાહી માટે ખતરારુપ છે.

# અયોધ્યાની બિનવિવાદિત ૬૭ એકર જમીન સોંપવા કેન્દ્ર સરકારની સુપ્રીમમાં અરજી : લોકસભાની ચુંટણી પહેલા રામમંદિરના નિર્માણ માટેનો ઇરાદો

અયોધ્યામાં વિવાદાસ્પદ જમીન અંગેના ખટલામાં સુપ્રીમ કોર્ટમાં ચાલી રહેલી સુનાવણીમાં વિલંબ થઈ રહ્યો છે.તેવા આરોપો મધ્યે રામમંદિરના નિર્માણ માટે ચોતરફથી ભારે દબાણનો સામનો ભાજપની કેન્દ્ર સરકાર કરી રહી છે.તેના ઉકેલ માટે સરકારે એક પ્લાન તરીકે ૬૭ એકર જમીન તેના માલિકોને પરત આપવા માટેની અરજી સુપ્રીમ કોર્ટમાં દાખલ કરી છે.રામજન્મભુમિ-બાબરી મસ્જીદની વિવાદાસ્પદ ૨.૭૭ એકર જમીનની આસપાસની સરકાર દ્વારા સંપાદિત કરાયેલી ૬૭ એકર જમીન અસલ માલિકોને સુપરત કરવાની પીટીશન સરકારે સુપ્રીમ કોર્ટમાં કરી છે. કેન્દ્ર સરકારે પીટીશનમાં જણાવ્યુ હતું કે વિવાદાસ્પદ વિસ્તારની સમીક્ષા માટે જરુરી જમીનનું ચોક્કસ માપ કાઢ્યા પછી રામજન્મભુમિ-બાબરી મસ્જીદ વિસ્તારની આસપાસ બિનજરુરી રીતે સંપાદિત કરાયેલી વધારાની ૬૭ એકર જમીન તેના સાચા માલિકોને સુપરત કરી દેવાની પરવાનગી આપવામાં આવે.

સરકારનો ઈરાદો બિનવિવાદીત જમીન ગ્રહણ કરીને ત્યાં મંદિરનું કામકાજ શરુ કરવામાં આવે તો સરકારે રામમંદિરના નિર્માણનો પ્રયાસ કર્યો છે તેવું માની શકાય અને તેનો લાભ લઈ શકાય.

સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત
**કેર કોમ્પ્યુટર સેન્ટર**
ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર
**બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,**
કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.
**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫
**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**કાર ભાડે મળશે**

**લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે**

**મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭**
**લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઓડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે**


# સરકારે રોજગાર અંગેનો ડેટા જાહેર ન કરતાં એનએસસી ના બે સભ્યોના રાજીનામાં

નેશનલ સેમ્પલ સર્વે ઓર્ગેનાઇઝેશન તરફથી રોજગાર અને બેકારી અંગે તૈયાર કરાયેલા વાર્ષિક રિપોર્ટ(૨૦૧૭-૧૮) તૈયાર થયાના બે મહિના પછી પણ સરકારે જાહેર કર્યો નથી.મીડીયા અહેવાલો અનુસાર તેના વિરોધમાં નેશનલ સ્ટેટેસ્ટિકલ કમિશનના બે સ્વતંત્ર સભ્યો પીસી મોહનન અને જેવી મીનાક્ષીએ રાજીનામા આપી દીધા છે.

નેશનલ સ્ટેટેસ્ટીકલ કમિશન ના બે સભ્યોના રાજીનામા પછી રાજનીતીમાં ગરમાવો આવ્યો છે.કોગ્રેસના વરિષ્ઠ નેતા પી.ચિદામ્બરમે આ મામલે નરેન્દ્ર મોદી સરકાર પર નિશાન તાક્યું છે. તેમણે કહ્યુ હતું કે આ સંસ્થાના આત્માને શાંતિ મળે, જ્યાં સુધી તેનો પુર્ન જન્મ ન થાય.મીડીયા અહેવાલો અનુસાર આ મોદી સરકારમાં એનએસએસઓનો પ્રથમ રિપોર્ટ છે. અને તેમાં નોટબંધી પછી લોકોએ નોકરી અને રોજગાર ગુમાવ્યા છે તેનો ઉલ્લેખ છે.

મોહનન એનએસસીના કાર્યકારી અધ્યક્ષ પણ હતા. આ બંને સભ્યોના રાજીનામા પછી એનએસસીમાં હવે માત્ર બે સભ્યો જ રહ્યા છે.

મુખ્ય સાંખ્યિકી અધિકારી પ્રવીણ શ્રીવાસ્તવ અને નતી આયોગના સીઈઓ અમિતાભ કાંત. મોહનને કહ્યુ હતું કે મે એનએસસીમાંથી રાજીનામું આપ્યું છે. અમને લાગે છે કે હાલના દિવસોમાં કમિશન અગાઉની જેમ સક્રિય રહ્યું નથી. અને અમને એમ પણ લાગે છે કે કદાચ અમે કમિશનની જવાબદારીઓ નિભાવવામાં સક્ષમ નથી.જો કે આ બંને સભ્યોના રાજીનામા પછી સરકારે નિવેદન આપ્યું હતું કે એનએસસીના આ બંને સભ્યો છેલ્લા કેટલાક મહિનામાં કમિશનની કોઈપણ બેઠકમાં કોઇ વાંધો ઉઠાવ્યો નહોતો.કેન્દ્રીય સાંખ્યિકી તેમજ કાર્યક્રમ અમલીકરણ મંત્રાલયે એક સ્પષ્ટીકરણમાં કહ્યુ હતું કે છેલ્લા મહિનાઓમાં કમિશનની બેઠકોમાં આ સભ્યોએ કોઈ વાંધો ઉઠાવ્યો નહોતો.

# રાફેલ ડીલનો કેગનો રીપોર્ટ આખરે રજુ કરીને સરકારે બાજી પલટાવવાનો મોકો સાધ્યો : વિપક્ષોએ અહેવાલને સરકારની ગોઠવણ કહી ફગાવ્યો

સંસદ સત્રના અંતિમ દિવસે રાજ્યસભામાં કેગ દ્વારા રાફેલની ખરીદી અંગેનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો.અહેવાલમાં જણાવાયું હતું કે કોગ્રેસ સરકાર દ્વારા પહેલાં કરવામાં આવેલા ૧૨૬ વિમાનોના સોદાની સરખામણીમાં વર્તમાન ભાજપ સરકાર દ્વારા કરવામાં આવેલો ૩૬ વિમાનનો સોદો સસ્તો છે. જુના સોદાની સરખામણીમાં નવો સોદો ૨.૮૬ ટકા સસ્તો છે તેને કારણે ભારતના ૧૭.૦૮ ટકા પૈસા બચ્ચા છે.કેગ દ્વારા અહેવાલમાં એવું પણ જણાવાયું છે કે યુપીએની સરખામણીમાં એનડીએ દ્વારા કરવામાં આવેલા સોદામાં ૧૮ વિમાનોની ડીલીવરી પણ સયમ કરતાં વહેલી થશે.ભારતને ૧૮ વિમાન પાંચ મહિના વહેલાં મળી જશે.મહત્વની વાત એ છે કે કેગના અહેવાલમાં વિમાનોની કિંમતનું એનાલીસીસ જણાવવામાં આવ્યુ છે પણ તેની મુળ કિંમત અંગે રહસ્ય અકબંધ છે. ફરીથી એકવાર સરકારે સાંસદો સમક્ષ વાત ગોળ ગોળ કરીને પોતે સાચા છે તેવું સાબિત કરવાનો પ્રયત્ન કર્યો છે. વકીલની ભાષામાં સવાલને ગોળગોળ ફેરવીને જવાબ આપ્યાનો સંતોષ સરકારે લીધો છે. જેને વિપક્ષે ફગાવ્યો છે.

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

# રાષ્ટ્રવાદ અને સંગીતને ધર્મ સાથે કોઇ લેવાદેવા નથી, આ સંદેશો સ્પષ્ટ છે

સંગીતને રાષ્ટ્ર,ધર્મ પ્રદેશ કે ભાષાના કોઈ સીમાડા ન નડવા જોઈએ. સંગીતને મર્યાદામાં બાંધી ના શકાય,તે સમગ્ર માનવતાને ઝંકૃત કરે છે. હિન્દુ કટ્ટરતાવાદીઓએ કર્ણાટકી સંગીતકાર ટી.એમ.ક્રિશ્નાને ભાગ લેવા અટકાવ્યા પછી દિલ્હી કોન્સર્ટ મુલત્વી રાખવી પડી.તેમનો વાંક એટલો હતો કે તેમણે તેમના સંગીતમાં અનેકવાર ખ્રિસ્તી અને મુસ્લીમ થીમનો સમાવેશ કર્યો હતો.ખરેખર, તો આ સર્વ સમાવેશી પ્રયાસ હતો. જેણે હંમેશા ભારતીય સંગીત અને સંસ્કૃતિને જીવંત રાખ્યા છે. શાશક ભાજપ પર આ કટ્ટરવાદીઓનો એવો પ્રભાવ છે કે કોન્સર્ટના સ્પોન્સર સ્પિક મેકે અને એરપોર્ટ ઓથોરીટી ઓફ ઈન્ડીયાએ કટ્ટરવાદી પરીબળો સામે ઝુકવું પડ્યું. આ તો સાંસ્કૃતિક પાશવતા કહેવાય.

આવા ત્રાસવાદ સામે જવાહરલાલ નહેરુ ચોક્કસ રોષે ભરાયા હોત. પણ રાહુલ ગાંધી અને ડરપોક કોગ્રેસી નેતાઓ તરફથી કોઈ પ્રત્યાઘાત ન આવ્યો કારણ કે સોફ્ટ હિંદુત્વ અપનાવવાની લ્હાયમાં તેમણે નહેરુવાદી બિનસાંપ્રદાયિકતાને તિલાજલી આપી દીધી છે.સદ્નસીબે દિલ્હી રાજ્ય પર શાસન કરનાર આમ આદમી પાર્ટીએ ક્રિશ્નાને તેમની કોન્સર્ટ માટેવૈકલ્પીક મંચ પુરો પાડવા મદદ કરી.

હિન્દુ કટ્ટરવાદીઓએ અનેક કલાકારોને ઝુકાવી નાંખ્યા છે.પણ ક્રિશ્ના નહીં. ક્રિશ્ના કહે છે કે ટ્રોલ આર્મીને સત્તા પર બેઠેલાઓ શરણ આપે છે. મારી સામાજિક સ્થિતિ, રાજકારણ અંગે મારા વિચાર અને ભાજપ શાસન સામે મારી નારાજગીના મુદ્દે ઘણા લાંબા સમયથી મને ટ્રોલ કરવામાં આવી રહ્યો છે.હું પ્રત્યેક સ્વરુપમાં માનું છું. અલ્લાહ,ઈશુ અને રામ,કોઈ ફરક નથી.આ બહુભાષીય અને બહુ ધાર્મિક દેશ છે. હું ક્રિશ્નાની હિંમતને દાદ આપું છું.કોન્સર્ટ મુલતવી રહ્યા પછી ક્રિશ્નાએ ટ્વિટ કર્યુ, જીસસ પરના કર્ણાટકી કંમ્પોઝીશનના સંદર્ભમાં અનેક લોકોએ સોશિયલ મીડીયામાં વ્યક્ત કરેલી અભદ્ર પ્રતિક્રિયા અને ચેતવણીઓને ધ્યાનમાં લેતાં હું જાહેર કરુ છું કે હું દર મહિને જીસસ કે અલ્લાહ પર એક કર્ણાટકી ગીત રીલીઝ કરીશે.તમામ સંગીતકારો અને કલાકારોએ ક્રિશ્નાના આ વલણને બિરદાવવું જોઈએ.આનાથી આ જ કોન્સર્ટમાં ભાગ લેનાર નર્તકી સોનલ માનસિંહે એક લેખમાં સરકારની તરફેણ કરી હતી. (ભાજપ સરકાર સોનલ માનસિંહને રાજ્યસભામાં સભ્યપદે નોમિનેટ કરી ચુકી છે એ કોઈ યોગાનુયોગ નથી.)

હિન્દુસ્તાની સંગીતનો વારસો ભવ્ય છે. અને તેના મુળીયા ઉંડા છે.જે અનેક માટે પ્રેરણા સ્ત્રોત્ર છે.સિતાર એ પર્શિયન સિતાર(ત્રણ દોરીવાળું વાદ્ય ) સરોદનું મુળ અફધાન રુબાબમાં છે અને હાર્મોનિયમનો ઉદ્ભવ એકોર્ડિયનમાંથી થયો છે. એનાથી વાદ્ય કંઈ મુસ્લીમ,ખ્રિસ્તી કે વિદેશી નથી થઈ જતાં.તેઓ હિંન્દુસ્તાની સંગીતનો હિસ્સો છે.હિન્દુસ્તાની સંગીત માટે બિસમિલ્લાહખાન અને અમજદઅલી ખાન પણ રવિશંકર કે હરિપ્રસાદ ચોરસીયા જેટલાં જ જરુરી છે પછી તેમનો ધર્મ ગેમે તે હોય.ઉત્તર ભારતીયો કદાચ દક્ષિણ કર્ણાટકી સંગીતની સમાવેશી ક્ષમતાથી માહિતગાર નહીં હોય. શાસ્ત્રીય સંગીતને મહદ અંશે પરંપરાગત અને પરિવર્તન માટે પ્રતિકારક તરીકે જોવામાં આવે છે.પણ બ્રિટિશ રાજમાં શોધાયેલું વાયોલિન કર્ણાટકી સંગીતનું એવું અભિન્ન અંગ બની ગયું છે કે તેના અનુયાયીઓને એમ કહેવામાં આવે છે કે વાયોલિન તો વિદેશી શોધ છે તો તેઓ તોડફોડ કરી બેસે.

જ્યારે પ્પલાપુ શ્રીનિવાસે કર્ણાટકી સંગીત રચવા મેન્ડોલિનનો ઉપયોગ શરુ કર્યો ત્યારે દક્ષિણ ભારતીય શ્રોતાઓ ખુશ થઈ ગયા હતા. તેઓ મેન્ડોલીયન શ્રીનિવાસના હુલામણા માને પ્રખ્યાત થયા.આજે કાદરી ગોપાલનાથ સેક્સોફોન પર કર્ણાટકી સંગતીના અગ્રણી વાદક છે.હિન્દુ કટ્ટરવાદીઓથી વિપરિત આ સંગીતકારો જાણે છે કે સંગીત અને સંગીતના સાધનોને કોઈ સરહદ નથી.

ભજન અને ભલે હિન્દુ ધર્મનું સંગીત કહેવાયું હોય, પણ મુસ્લીમોએ અનેક સુંદર ભજનો ગાયા છે.મોહમંદ રફી સર્વકાલીન ભજન ગાયકોમાંના એક હતા. કદાય ફિલ્મના ઈતિહાસનું સૌથી પ્રસિધ્ધ ભજન ઓ દુનિયાકે રખવાલે(બૈજુ બાવરા)છે. તેનું સંગીત નૌશાદઅલીએ કંમ્પોઝ કર્યુ હતું. શકીલ બદાયુનીએ લખ્યું હતું. અને રફીએ ગાયું હતું. આ ત્રણ મુસ્લીમોએ તૈયાર કરેલુ ંભજન હિન્દુઓ ખુબ ભક્તિભાવથી ગાય છે કારણ કે સંગીતને કોઈ સીમા,બંધનો નડતા નથી.

૫૦ ના દાયકાની ફિલ્મ અમરનું ગીત ઈન્સાફ કા મંદિર હે મારુ મનગમતુ ભજન છે.આગીતનું સંગીત પણ નૌશાદઅલીએ કંમ્પોઝ કર્યુ હતુ. શકીલ બદાયુનીએ લખ્યું હતું અને રફીએ ગાયું હતું. વળી ફિલ્મના નિર્માતા મહેબુબખાન, ત્રણેય મુખ્ય કલાકારો દિલિપકુમાર(યુસુફ ખાન)મધુબાલા(મુમતાઝ જહાં) અને નિમ્મી(નવાબ બાનો) પણ મુસ્લીમ હતા.શું આ કારણોસર ભજનની ગુણવત્તા પર કોઈ અસર પડી.ના આ ગીતો ફરી એ પુરવાર કરે છે કે સંગીત કોઈ વાડામાં બંધાયેલું હોતું નથી. સંસ્કૃતિના કટ્ટર ઠેકેદારો આપણને હિન્દુ કટ્ટરવાદ ના તાલે નચાવવા માંગે છે.દર વર્ષે ૨૯ જાન્યુઆરીએ નવી દિલ્હીમાં વિજય ચોક પર યોજાતો બિટિંગ રિટ્રીટ એ દેશનો સૌથી રાષ્ટ્રવાદી સંગીત કાર્યક્રમ છે. જેમાં સશસ્ત્ર દળો ભાગ લે છે. દે વર્ષે આ બેન્ડ કવિ ઈકબાલે લખેલું સારે જહાંસે અચ્છા વગાડે છે.તેઓ એબાઈડ વીથ મી પણ વગાડે છે.જે ગાંધીજીનું ફેવરીટ ખ્રિસ્તી ગીત છે.સંદેશો સ્પષ્ટ છે કે રાષ્ટ્રવાદ અને સંગીતને ધર્મ સાથે કોઈ લેવાદેવા નથી.

સ્વામીનાથન એસ.ઐયર
(સૌજન્ય સંદેશ )


**વિનંતી**



**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386


# જેને સ્વાર્થ સિવાય કંઇ દેખાતું ન હોય એને સ્વમાન કેવું ?

પોતાનો સ્વાર્થ આવે ત્યાં માણસ બીજું કશું જ જોઈ શકતો નથી.સ્વાર્થ આગળ સૌ આંધળું કહેવાયું છે.તે સાચું છે.આપણે જે અનુમાન કરીએ છીએ એના બે પ્રકાર છે : સ્વાર્થ અને પરાર્થ. જે બીજાનો વિચાર કરે છે,પછી પોતાનો કરે એ પરાર્થ છે. માણસનો સ્વભાવ જ એવો છે કે પ્રથમ પોતાનું પેટ,પછી બીજું બધું.પોતાનો લાભ જતો કરીને બીજાને અપાવવાનો વિચાર માણસ ક્યારે કરતો નથી.સ્વાર્થ ત્યાગ કરવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.સ્વાર્થ વિના સેવા કરનારા કેટલા ? ગાંધીજીએ કહ્યું છે કે સ્વાર્થ તો સૌમાં ઓછોવત્તો હોય, પણ આપણામાં તે વધારે પ્રમાણમાં જોવા મળે છે.મોટાભાગના લોકો સ્વાર્થપટુ હોય છે.

પોતાનો સ્વાર્થ સાધવામાં ઘણા હોશિયાર હોય છે.સ્વાર્થની બાબતની ચાલાકી પણ તમે જોઈ શકો છો,છતાં એમને કોઈ જ શરમ નડતી નથી.માત્ર ગરજુ,આપમતલબ જ હોય છે એ તો પોતાના સ્વાર્થમાં રચ્યાપચ્યા રહેતા હોય છે.પોતાનું કામ પાર પડે,પોતાને કેવી રીતે મજા આવે અથવા કંઈક વળતર મળે એટલો ઉદ્દેશ એમનો હોય છે.પોતાનું અને બીજાનું હિત પાર પડે એવું નહી,માત્ર મારુ કામ થાય,મને જ લાભ મળે.સાર્વજનિક કામને પોતાના ખાનગી લાભમાં કેવી રીતે ફેરવી નાંખવો એની જ ફિરાકમાં ફરનારા લોકોનો તોટો નથી.માત્ર ને માત્ર પોતાનું અને પોતાના કુટુંબનું ભલુ કરવાની વૃત્તિવાળા લોકોની વણઝાર વધતી જાય છે.રાષ્ટ્ર,રાજ્ય કે ગામ-નગરનું જે થવાનુ હોય તે થાય, મારુ થવું જ જોઈએ. આ પ્રકારની વૃત્તિ આજે બળવત્તર બનતી જા. છે. તકસાધુઓની લાઈન લાગી છે.એના કારણે જ આજે જાહેર જીવનનો ગ્રાફ નિમ્ન સ્તર સુધી આવી ગયો છે.પોતાના જ હિતમાં મગ્ન રહેનારાઓનો તોટો નથી.મારા ઘરનો કચરો પાડોશીના આંગણામાં નાંખતા મને કોઈ સંકોચ થતો નથી.પોતાના સ્વાર્થને કારણે માણસ કોઈપણ પ્રકારનું પાપ કરતાં અચકાતો નથી.સમાજમાં કેટલાક પરોપકારી અને નિઃસ્વાર્થી માણસો હોય છે.પણ એય કેટલા ?આજે તો ચારે બાજુ સ્વાર્થની નદીઓમાં ઘોડાપુર ઊમટ્યા છે.સ્વાર્થના દરિયા ઘુઘવે છે.

જે માણસને કોઈપણ પ્રકારની લાજ નડતી ન હોય, એને બીજી કોઈ પરવા કરવાની હોય ?લાજ વગરના માણસો જ સ્વાર્થ સાધક હોય છે. જેને માત્ર સ્વાર્થ સિવાય કંઈ દેખાતું નથી.એને સ્વમાન કેવું ?જે માણસ સ્વાર્થ સિવાય કશું જ જોઈ શકતો ના હોય, એ માણસ, જ્યારે સ્વાર્થ પુરો થાય ત્યારે તે દુર થઈ જતો હોય છે.સ્વાર્થ તો દુઝણી ગાય જેવો હોય છે.જ્યાં સુધી દુધ મળે ત્યાં સુધી એનું લાલન-પાલન કરવામાં આવે, વસુકી ગયા પછી ધકેલી મુકવાની. કોઈપણ સબંધની પાછળ સ્વાર્થ ઊભો જ હોય છે.સ્વાર્થ વિના પ્રિતિ હોતી નથી.કોઈ સ્વાર્થ વિનાનું હોય એ શક્ય નથી.જેને કશો જ સ્વાર્થ નથી એવો પુરુષ સંત-મહંત હોઈ શકે.આજના બાબાઓ જેવો નહીં.

સામાન્ય માણસ પોતાના સ્વાર્થને સાચવીને પણ પરોપકાર કરતાં રહે છે.જે પોતાના સ્વાર્થ માટે બીજાઓનું કામ બગાડે છે એ મનુષ્યો રાક્ષસ સમાન છે.પણ જે નિરર્થક બીજાઓનું કામ બગાડે છે એને શું કહેવાય, આપણે જાણતા નથી.કેટલાક લોકો એવા હોય છે કે જે કારણ વગર બીજાઓનું બગાડતા હોય છે.એવા લોકો રાક્ષસ કરતાં પણ નિમ્ન કોટિમાં આવે છે.કેટલાક એવા પણ હોય છે કે પોતાના કામના બદલામાં જે કંઈ મેળવવાનું હોય એ મળી ગયા પછી પોતાના હાથ પરનું કામ પુરુ કરતાં નથી.કારણકે પોતાનો સ્વાર્થ પતી ગયો છે.જેને પોતાનો સ્વાર્થ સિધ્ધ થઈ જાય,જેના કામો પુરાં થયા નથી, એ મિત્રોના સહાયક નથી હોતા.એના કાર્યોને સિધ્ધ કરવાની ચેષ્ટા કરતા નથી, એવા નમકહરામ પુરુષોના મડદાને માંસાહારી જંતુઓ પણ એનું માંસ ખાતા નથી.જેને પોતાનો સ્વાર્થ જ મહત્વનો છે, એવા લોકોને આ ધરતી પર જીવવાનો કોઈ અધિકાર નથી એવું કોઈએ કહ્યું છે.

ડો.કિશોરસિંહ સોલંકી(સૌ.સંદેશ)

---

જાપાનમાં ક્યોનામ્બા નામનો માણસ આપણે પગે ચાલીએ છીએ તેટલીજ ઝડપી તે માથું જમીન પર મુકીને માથાથી ચાલી શકે છે.આ માણસ માથાથી દાદર પણ ચડી ઉતરી શકે છે.

ફાંસમા ટુંકામાં ટુંકા નામના બે ગામો છે. એકનું નામ ઓ અને બીજાનું નામ વાય છે


**★ નીલા ફાઇનાન્સ ★**

**આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?**

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિધાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો`જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃએ. એમ. મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ રોબીન ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.